# સર્જનાત્મક લેખક (ક્રિએટીવ રાઈટીંગ)

સર્જનાત્મક લેખન એ લેખનનું એક એવી શૈલી કે સ્વરૂપ છે જે વ્યાવસાયિક અથવા તકનીકી સાહિત્યના ધારધોરણોની બહાર જાય છે. સર્જનાત્મક લેખક, લેખન સામગ્રી તૈયાર કરવા માટે પોતાની કલ્પનાશક્તિ અથવા નવાચારનો ઉપયોગ કરે છે. આ પ્રકારના લેખનમાં નાટકો, ટૂંકી વાર્તાઓ, કવિતાઓ, નવલકથાઓ વગેરેનો સમાવેશ થઈ શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે સર્જનાત્મક લેખનનો આનંદ માણો છો
- તમને કલા અને સંગીત વિશે વાંચવું ગમે છે
- તમે માનવ વર્તણૂંક વિશે જાણવા, સમજવામાં રૂચિ ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૩૦,૦૦૦ થી ૪,૫૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અંગ્રેજી/ પત્રકારિત્વ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

અંગ્રેજી/ પત્રકારિત્વ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ, સમાન અને સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

સર્જનાત્મક લેખકનું અંદાજીત માસિક વેતન રૂ. ૧૫,૦૦૦ થી ૪૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોત : https://bit.ly/3iEJYy0

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એડ એજન્સીઓ, મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ કંપનીઓ વગેરે.

**ઉદ્યોગ સાહસિકતા :** તમે ફ્રીલાન્સ કામ કરવાનું પસંદ કરી શકો છો અને એક જ સમયે અનેકવિધ કાર્યોને હાથ પર લઈ શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ છે. તમારા કામના કલાકો અઠવાડિયાના ૫ થી ૬ દિવસ માટે દરરોજ ૮ થી ૧૦ કલાક સુધી હોઈ શકે છે. કંપની મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી → સર્જનાત્મક લેખક → વરિષ્ઠ સર્જનાત્મક લેખક

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્રિએટીવ રાઈટર, કન્ટેન્ટ રાઈટર, ક્રિએટિવ કૉપિરાઈટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટ્સ અથવા માસ કોમ્યુનિકેશન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. દિલ્હી કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, નવી દિલ્હી
૨. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ માસ કોમ્યુનિકેશન, નવી દિલ્હી
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. કેરળ યુનિવર્સિટી, તિરુવનંતપુરમ
૫. એન.એફ.એસ.યુ., ગાંધીનગર
૬. સાવિત્રીબાઈફૂલે પુણે યુનિવર્સિટી, પુણે
૭. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૮. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એન.એસ.એચ.એમ. સ્કૂલ ઓફ મીડિયા એન્ડ ડિઝાઇન
૨. ઇન્સ્ટિટ્યુટ ઓફ ક્રિએટીવ એક્સલન્સ
૩. શાંતિ કૉમ્યુનિકેશન સ્કૂલ, અમદાવાદ
૪. ઝેવિયર ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન્સ
૫. ગ્રાફિક એરા હિલ યુનિવર્સિટી, દેહરાદૂન
૬. રામનારાયણ રુઈયા કોલેજ, મુંબઈ
૭. યુ.એસ.એલ.એમ., ગાંધીનગર
૮. સોફિયા કોલેજ ફોર વુમન, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

### ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**માલતી માથુર** સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝમાં અંગ્રેજીના પ્રોફેસર અને ઈગ્નુ, નવી દિલ્હી ખાતે સ્કૂલ ઓફ ફોરેન લેંગ્વેજીસના નિયામક છે. તે એક સર્જનાત્મક લેખિકા અને પુરસ્કાર વિજેતા અનુવાદક છે જે તમિલ, હિન્દી અને અંગ્રેજી ભાષામાં અનુવાદ કરે છે. તેણીએ ઓસ્ટ્રેલિયન સાહિત્યમાં ડોક્ટરેટની પદવી મેળવી છે.*

સ્ત્રોત : https://bit.ly/3XwMbdz

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.